# બાજખેડાવાળ પત્રિકા

## बाजखेडावाल पत्रिका Bajkhedawal Patrika

વર્ષ : ૧૭     ૨૦૨૩ : સપ્ટેમ્બર

અંક : ૯     માસિક : રૂ. ૫/-



**: તંત્રી :**

**શ્રી જગતભાઈ એચ. દવે**

૨, સરદાર પટેલ સોસાયટી, કરમસદ રોડ,

વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦. (મો.) ૯૯૨૫૯૪૬૬૦૪



**: પ્રકાશક :**

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા

**શ્રી વિદ્યાબેન ચંદ્રપ્રસાદ ત્રિવેદી ભવન**

૧-૨, રામેશ્વર ફ્લેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂ), અમદાવાદ-૮

મોબાઈલ નંબર : ૭૫૭૩૯૭૮૪૭૭

કાર્યાલયનો સમય સવારે : ૧૦.૩૦ થી ૫.૩૦

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા
## પત્રિકાના આજીવન સભ્ય રૂા. ૧૦૦૦/-

| | | | |
|---|---|---|---|
| ૧. | હીના કિરણકુમાર દવે | અમદાવાદ | ૪૯૧૨ |
| ૨. | હેમાંગ રજનીકાંત ભટ્ટ | અમદાવાદ | ૪૯૧૩ |
| ૩. | હાર્દિક દિલીપભાઈ દવે | અમદાવાદ | ૪૯૧૪ |
| ૪. | દીપકકુમાર મૂગટભાઈ જોષી | રાજકોટ | ૪૯૧૫ |
| ૫. | મેઘલ દવે | વડોદરા | ૪૯૧૬ |

## શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લિમીટેડ
## વિદ્યોતેજક ફંડ

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી સૂર્યકાન્ત રામચંદ્રભાઈ શુક્લ | આણંદ<br>હાલ-અમેરિકા | રૂ. ૫૦૦૦/- |

## શુભ સમાચાર

- અમદાવાદ નિવાસી સ્વ.આશિષભાઈ પંડ્યાના દીકરા ચિ. કૃતાર્થ અને મહેમદાવાદ નિવાસી મયંકભાઈ દવેની દીકરી ચિ. ત્વિષાના શુભલગ્ન તા. ૨૬-૦૧-૨૦૨૩ના રોજ સંપન્ન થયેલ છે તે નિમિત્તે તેમજ ચિ. કૃતાર્થ પંડ્યા કેનેડામાં પી.આર. થયેલ છે તે નિમિત્તે પત્રિકાને નેહલબેન પંડ્યા તરફથી રૂ. ૨૫૧/- સપ્રેમ ભેટ મળેલ છે.
- વડોદરા નિવાસી નીપા અમીત ઠાકરના દીકરા સાગર ઠાકરને ત્યાં પુત્રજન્મ નિમિત્તે રૂ. ૧૦૦૦/- સપ્રેમ ભેટ મળેલ છે.

## અવસાન નોંધ

મારા મોટાબેન ગં.સ્વ. પ્રીતિબેન ભદ્રેશકુમાર દવેનું તારીખ ૨૦-૦૮-૨૦૨૩, શ્રાવણ સુદ ચોથને રવિવારના રોજ વડોદરા મુકામે અવસાન થયેલ છે. ઈશ્વરને ગમ્યું તે ખરું. પ્રભુ તેમના આત્માને ચિર શાંતિ અર્પે તેવી પ્રાર્થના. આ નિમિત્તે શ્રી કેતનકુમાર નટવરલાલ દવે તરફથી પત્રિકાને રૂ. ૨૫૧/- સ્મૃતિભેટ મળેલ છે.

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
## ૩૪માં રાષ્ટ્રીય અધિવેશન નડિયાદના ઉદ્‌ઘાટકશ્રી



**ડો. વનલતાબેન ચન્દ્રગુપ્ત ભટ્ટ**

**જન્મ તા. ૦૨–૦૫–૧૯૩૨** **વતન – ઉમરેઠ**

શૈક્ષણિક – પ્રાથમિક–માધ્યમિક કેળવણી ઉમરેઠમાં લીધી. ત્યારબાદ ઉમરેઠ કેળવણી મંડળની એચ. એમ. દવે હાઈસ્કૂલમાં ૧૯૫૨ થી ૧૯૫૮ સુધી સેવા આપી. ૧૯૫૮ થી ૧૯૬૪ સુધી આણંદ શારદા હાઈસ્કૂલમાં સેવા આપી. ૧૯૬૪ થી ૧૯૭૧ મોરબીમાં સેવા આપી. દરમ્યાન બી.એ., એમ.એ.ની ડિગ્રી મેળવી. ૧૯૭૦ થી ૧૯૯૨ સુધી અધ્યાપક તરીકે N. S. Patel Arts Collegeમાં સેવા આપી. દરમ્યાન Ph.D.ની ડીગ્રી મેળવી. ૧૯૯૨માં નિવૃત્ત થયા.

ગુજરાત રાજ્ય સોશ્યલ વેલફેર બોર્ડના સભ્ય તરીકે સેવા આપી. સરદાર પટેલ યુનિ.ની સેનેટમાં સભ્યપદે રહી સેવા આપી. અખિલ હિંદ મહિલા પરિષદના ગુજરાત શાખાના ઉપપ્રમુખ તરીકે સેવા આપી. ગુજરાત રાજ્ય બાલકલ્યાણ સંઘની વિદ્યાનગર શાખામાં ઉપપ્રમુખ તરીકે સેવા આપી. ભગિની સેવા સમાજના પ્રમુખ તરીકે આણંદમાં બાજખેડાવાળ મહિલા મંડળની સ્થાપના કરી. મહિલા મંડળને પ્રવૃતિશીલ કરી કાર્યરત કર્યું. આજે પણ મહિલા મંડળ ઉત્તમ રીતે પ્રવૃતિ કરી રહ્યું છે.

બે દિકરા અને બે દિકરી યુ.એસ.એ.માં રહેતા હોવાથી ૨૦૦૧ થી અત્યાર સુધીમાં બારથી તેર વખત પ્રવાસ કર્યો અને અમેરિકા દેશના વિવિધ રાજ્યોમાં રહેવાનો અનુભવ મળ્યો. બે બેનો લંડન રહેતી હોવાથી લંડનનો પણ ૩ વખત પ્રવાસ કર્યો.

હાલ આણંદ બાજખેડાવાળ મહિલા મંડળની પ્રવૃત્તિઓમાં રસ લઈ વિકાસના સ્તર પર આગળ લઈ ગયા છે.

ડૉ. વનલતાબેન ચન્દ્રગુપ્ત ભટ્ટના પતિ ચન્દ્રગુપ્ત ભટ્ટ કે જેઓ સી. કે. ભટ્ટના નામે ઓળખાતા હતા. છેલ્લા ૧૦ વર્ષથી અધિવેશનના ઉદ્‌ઘાટક તરીકે તેઓશ્રી આવતા હતા અને સમાજને માર્ગદર્શન આપતાં હતા. કોરોના કાળ દરમ્યાન લાંબી બીમારી બાદ તેઓ સ્વર્ગારોહણ થયેલ પરંતુ તેમની પરંપરા ડૉ. વનલતાબેને જાળવી રાખેલ છે. તેઓશ્રીનો આ પ્રસંગે સંસ્થા આભાર માને છે.

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
## ૩૪માં રાષ્ટ્રીય અધિવેશન નડિયાદના દાતાશ્રી



**સ્વ. મહેન્દ્રભાઈ ચીમનલાલ દેસાઈ**

*જન્મ તારીખ - ૦૯-૦૧-૧૯૩૩*

*સ્વર્ગવાસ તારીખ -૧૮-૧૨-૨૦૦૪*



**સ્વ. સરલાબેન મહેન્દ્રભાઈ દેસાઈ**

*જન્મ તારીખ - ૧૦-૦૮-૧૯૪૦*

*સ્વર્ગવાસ તારીખ - ૧૯-૧૨-૨૦૧૪*

*શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા દ્વારા નડિયાદ મુકામે યોજાનાર*

*૩૪માં રાષ્ટ્રીય અધિવેશન પ્રસંગે શુભેચ્છા સહ*

*તેઓશ્રીના સુપુત્રો તરફથી*

**હેમંત મહેન્દ્રભાઈ દેસાઈ - હિતેશ મહેન્દ્રભાઈ દેસાઈ**

**મૂળ મહુધા, હાલ-મુંબઈ**

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
## ૩૪માં રાષ્ટ્રીય અધિવેશન નડીયાદના દાતાશ્રી



**સ્વ. અરવિંદભાઈ એસ. દવે**

જન્મ તા. ૧૦–૦૮–૧૯૩૬

અ.નિ. ૦૬–૦૯–૨૦૧૬



**સ્વ. ઈન્દીરાબેન એ. દવે**

જન્મ. તા. ૦૧–૦૧–૧૯૩૯

અ.નિ. ૨૬–૧૨–૧૯૯૯

૩૩માં રાષ્ટ્રીય અધિવેશન આણંદ પ્રસંગે
શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના
ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ, કારોબારી સભ્યશ્રીઓ
તથા
શ્રી બાજખેડાવાળ મંડળ આણંદના
હોદ્દેદારશ્રીઓ, કારોબારી સભ્યશ્રીઓને
હાર્દિક અભિનંદન અને શુભેચ્છા.

સર્વે જ્ઞાતિજનોને સાદર શુભકામનાઓ

**દિવ્યાંગ અરવિંદભાઈ દવે**
**ફાલ્ગુની દિવ્યાંગ દવે**
**મોનિકા દિવ્યાંગ દવે**
**નીલ દિવ્યાંગ દવે**
**દુબઈ**

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
## ૩૪માં રાષ્ટ્રીય અધિવેશન નડિયાદના મુખ્ય મહેમાનશ્રી



### શ્રી શૈલેષભાઈ નટવરલાલ જોષી

"નટુકાકા"ના હુલામણા નામે ઓળખતા સ્વ. નટવરલાલ સોમેશ્વર જોષી અને સ્વ. જયાબેન નટવરલાલ જોષીના સુપુત્ર શ્રી શૈલેષ જોષી ગુજરાત રાજ્ય વન વિભાગમાં ઉચ્ચ હોદ્દા ઉપર ફરજ બજાવી હાલ વ્યવસાયિક નિવૃત્તિ લઈ બીજી અનેક પ્રવૃત્તિઓ અને સંસ્થાઓ સાથે સંકળાઈ પોતાના માતા–પિતાશ્રીના પગલે અનેક સામાજિક સેવાઓ આપી રહ્યાં છે. તેઓ શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના ટ્રસ્ટી છે. તેમજ શ્રી બાજખેડાવાળ બ્રાહ્મણ સમાજ, અમદાવાદના પણ ટ્રસ્ટી છે. છેલ્લા ૩૧ વર્ષથી તેઓએ જ્ઞાતિમાં અનેક જાહેર કાર્યક્રમોમાં ભાગ લઈ શક્ય એટલા મદદરૂપ થવાના પ્રયત્નો કર્યા છે. તેમના પત્ની વર્ષા પણ આવા જ ઉત્સાહી, મૃદુભાષી અને પરગજુ સ્વભાવના છે. તે પોતે પણ સ્વતંત્ર રીતે ઘણી બધી સામાજિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા છે. સ્વ. નટવરલાલ જોષી પરિવાર ટ્રસ્ટની સખાવતી પ્રવૃત્તિઓમાં પણ વર્ષાબેન અગ્રેસર રહે છે. તેમના ત્રણ પુત્રો પૈકી પુત્ર વરૂણ તેના પરિવાર સાથે ફિલિપિન્સ ખાતે યુ.એસ. કંપનીમાં સીનીયર પોસ્ટ ઉપર ફરજ બજાવે છે. હાલ વરૂણભાઈને ત્યાં ૨ વર્ષનો શિવાત્મ નામે પુત્ર છે. પ્રિયાંક આઈ.આઈ.ટી. દિલ્હીમાં રીસર્ચ સ્કોલર કમ ટીચીંગ ફેકલ્ટી તરીકે ફરજ બજાવે છે. નાનો પુત્ર મહર્ષિ અભ્યાસ સાથે સંગીતમાં વિશેષ રૂચિ લઈ ખૂબ જ આગળ પોતાની કારકિર્દી વધારી રહેલ છે.

આ સમગ્ર કુટુંબ જ્ઞાતિ માટે પોતાની ફરજ સમજી અતિ વ્યસ્તતામાંથી પણ સમય કાઢી મદદરૂપ થઈ એક દૃષ્ટાંત પુરૂ પાડે છે. આ કુટુંબની સેવાકીય પ્રવૃત્તિઓથી પ્રોત્સાહિત થઈ જ્ઞાતિજનો પણ પ્રેરણા મેળવે અને જ્ઞાતિને મદદરૂપ થાય તેવી આશા છે.

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
## ૩૪માં રાષ્ટ્રીય અધિવેશન નડિયાદના અતિથિ વિશેષશ્રી



### શ્રી છાયાબેન દવે (મુંબઈ)

શ્રી બોરીવલ્લી બાજખેડાવાળ સમાજ એટલે સમગ્ર મુંબઈ જ્ઞાતિ સમાજ કહી શકાય. શ્રી છાયાબેનના સસરા સ્વ. શ્રી વિષ્ણુભાઈ ભીમભાઈ દવે એ બાજખેડાવાળ જ્ઞાતિ સમાજનું એક સામાજિક અને સમૃદ્ધ વ્યક્તિત્વ ગણાતું મુંબઈમાં બાજખેડાવાળ સમાજને એકત્રિત અને જીવંત રાખનાર છાયાબેનના કુટુંબીજનોની સામાજીક પ્રવૃત્તિઓમાંથી છાયાબેનને સામાજિક કાર્યની પ્રેરણા મળી તે પ્રેરણાને છાયાબેને જીવંત રાખી બોરીવલ્લી બાજખેડાવાળ સમાજનું નેતૃત્વ સ્વીકારી મુંબઈ ખાતે વર્ષોથી પોતાની સેવાઓ આપે છે. તે જ રીતે જ્ઞાતિના અન્ય મંડળો જેવા કે અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના સભ્ય તરીકે સેવાઓ આપે છે. શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી.ના સભ્ય તરીકે સેવાઓ આપે છે. આજે બોરીવલ્લી સમાજમાં વાર તહેવારે કાર્યક્રમો દ્વારા ભારતની આર્થિક નગરી ગણાતા મુંબઈમાં વસતા જ્ઞાતિજનોને એકત્રિત કરી જ્ઞાતિજનોમાં એકતાને જીવંત રાખવાનું કાર્ય કરી રહેલ છે. તેઓ તેમના તરફથી શક્ય તેટલું યોગદાન જ્ઞાતિસમાજના વિવિધ મંડળોને આપતા રહ્યા છે. ગમે તે સ્થળે અધિવેશન હોય કે સંમેલન, ધાર્મિક કાર્ય હોય કે સામાજિક કાર્ય, છાયાબેનની હાજરી અચુક જોવા મળે આવા ઉત્સાહી છાયાબેન હાલ મુંબઈના બોરીવલ્લીમાં વસવાટ કરે છે.

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
## ૩૪માં રાષ્ટ્રીય અધિવેશન નડિયાદના અતિથિ વિશેષશ્રી



### શ્રી કિરણકુમાર રતિલાલ પંડ્યા

પ્લોટ નં. ૩૫૯/૧, સેક્ટર–૫–એ, ગાંધીનગર–૩૮૨૦૦૬.

કિરણકુમાર આર. પંડ્યા, મૂળવતન–ઉમરેઠ, કેશવરાયજીનો ખાંચો, તુળજા માતા પાસે પરંતુ હાલમાં તેઓ ગાંધીનગર સ્થાયી થયેલ છે. તેમનો જન્મ તા. ૨૦–૯–૧૯૫૪ના રોજ ભરૂચ મુકામે મોસાળમાં શ્રી રતિલાલ ઠાકરને ત્યાં થયો હતો. તેઓનું બાળપણ રાધનપુર અને ત્યારબાદ મહુધા પાસે ૧૫૦૦ની વસ્તી ધરાવતા નાની ખડોલ ગામમાં પસાર થયેલું. મેટ્રીક સુધીનો અભ્યાસ નાની ખડોલ ગામમાં પૂર્ણ કર્યા બાદ પ્રિ–સાયન્સ અને બી.ઈ. (સીવીલ)નો અભ્યાસ વલ્લભવિદ્યાનગર બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલયમાં જ્ઞાતિના છાત્રાલયમાં રહી મોસાળ પક્ષની હૂંફ સાથે સને ૧૯૭૧ થી ૧૯૭૭ દરમ્યાન પૂર્ણ કરેલ.

તેમના પિતાશ્રી સ્વ. શ્રી રતિલાલ સોમેશ્વર પંડ્યા નાની ખડોલ ગામની હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે સેવા આપી સને ૧૯૮૫માં નિવૃત્ત થયેલ. ટૂંકી આવક હોવાથી શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળીમાંથી લોન મેળવી બે પુત્રો તથા બે પુત્રીઓને ઉચ્ચ શિક્ષણ આપેલ. તેમના માતૃશ્રી સ્વ. હસુબેન સાદગીપૂર્ણ જીવન જીવનાર અને ધાર્મિક હતા.

કિરણભાઈ પંડ્યાએ અભ્યાસપૂર્ણ કરી ગુજરાત સરકારના માર્ગ અને મકાન વિભાગમાં મદદનીશ ઈજનેર તરીકે નોકરી ચાલુ કરેલ. ગાંધીનગર, ધાનેરા, મોડાસા, ઈડર તથા અમદાવાદ જેવા વિવિધ સ્થળોએ ફરજ બજાવી છેલ્લે કાર્યપાલક ઈજનેર તરીકે તા. ૩૦–૦૯–૨૦૧૨ના રોજ અમદાવાદથી નિવૃત્ત થયેલ. તેમના લગ્ન સુરતના શ્રી શશીકાંત જે. પંડ્યા અને અ.સૌ. વિદ્યાબેનની જ્યેષ્ઠ પુત્રી મિતા સાથે ૧૯૮૦માં થયા હતા. ૪૨ વર્ષના સુખમય દાંપત્ય જીવનમાં તેઓના બે સંતાનોમાં મોટા પુત્ર ચિ. પાર્થ બી.ઈ. (સીવીલ) હાલમાં ઓસ્ટ્રેલિયાના બ્રિસ્બેનમાં પુત્રવધુ અ.સૌ. ફોરમ (અમદાવાદ) અને લાડલી પૌત્રી ચિ. નિવા (૧૨ વર્ષ) અને પૌત્ર ચિ. નિવાન (૪ વર્ષ) સાથે સ્થાયી થયેલ છે. નાના પુત્ર ચિ. જગત બી.ઈ. (કમ્પ્યૂટર) થઈ અમદાવાદમાં સીગ્નેક્સ ડેટા મેટ્રીક્સમાં નોકરી કર્યા બાદ જાન્યુઆરી, ૨૦૧૫થી એચ–૧ વિઝા પર અમેરિકામાં પુત્રવધુ અ.સૌ. અવની (વિદ્યાનગર) તથા પૌત્ર ચિ. દિવમ્ (૮ વર્ષ) તથા ચિ. આરીત (૫ વર્ષ) સાથે પેન્સીલવેનીયામાં સ્થાયી થયેલ છે.

કિરણભાઈ પંડ્યા હાલમાં ગાંધીનગર બાજખેડાવાળ મંડળના પ્રમુખ તરીકે સને ૨૦૧૦–૧૧થી સેવા આપે છે અને અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા તથા શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળીના કારોબારી સભ્ય છે. સળંગ છઠ્ઠા વર્ષે તેઓએ રૂ. ૧૧,૦૦૦/– ૩૩માં રાષ્ટ્રીય અધિવેશનમાં અતિથિ વિશેષ તરીકે આપેલ છે.

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
# ૩૪માં રાષ્ટ્રીય અધિવેશન નડિયાદના અતિથિ વિશેષશ્રી



**શ્રી ધવલકુમાર નવીનચંદ્ર ત્રિવેદી**

જન્મતારીખ : ૩૦–૦૮–૧૯૭૬

મૂળ વતન : સલુણ

અભ્યાસ : બી.એ., એલ.એલ.બી.

ધવલકુમાર નવીનચંદ્ર ત્રિવેદીનો જન્મ સલુણ મુકામે થયેલ. વર્ષોપર્યંત નડીયાદ મુકામે સ્થાયી થયેલ છે. સ્વભાવે સરળ હોવાને કારણે તેઓને નડીયાદ જીલ્લામાં તથા આણંદ જિલ્લામાં ખુબ જ નામના મેળવેલ છે.

ધવલભાઈના લગ્નમાં ૧૯૯૯ની સાલમાં નિશાબેન સાથે થયેલ. સંતાનમાં તેઓ બે પુત્રો ધરાવે છે. મોટો આયુષ – દિકરો બી.ઈ. ઈલેક્ટ્રીક થયેલ છે. નાનો પુત્ર હેમ ધો–૭માં અભ્યાસ કરે છે.

ધવલભાઈ ત્રિવેદી – શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભામાં કારોબારીના સભ્ય, બાજખેડાવાળ સમાજ નડિયાદમાં કારોબારી સભ્ય તથા ઘણા બધા હોદ્દાઓ પર સેવાઓ આપેલ છે. બાજખેડાવાળ સમાજ સંચાલિત કો–ઓપરેટીવ કન્ઝયુમર સ્ટોરમાં પણ સેવાઓ આપેલ છે. બ્રહ્મ સમાજ તથા ભારતીય જનતા પાર્ટીમાં પણ તેઓ સક્રીય છે. વકીલ મંડળોમાં પણ તેઓ સક્રિય છે.

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
# ૩૪માં રાષ્ટ્રીય અધિવેશન નડિયાદ – સંભારણાનું સૌજન્ય



**શ્રી સમીર રાજેન્દ્રપ્રસાદ શેલત**

બી.કોમ., એલ.એલ.બી., એડવોકેટ, આણંદ

આણંદના પ્રતિષ્ઠિત વેપારી સ્વર્ગસ્થ શ્રી મનુભાઈ મગનલાલ શેલત તથા સ્વર્ગસ્થ ઈન્દુમતીબેન મનુભાઈ શેલતના પૌત્ર છે.

રાજેન્દ્રપ્રસાદ મનુભાઈ શેલત તથા રેખાબેન રાજેન્દ્રપ્રસાદ શેલતના પુત્ર સમીરનો જન્મ તા. ૨૫–૧૨–૭૯ના રોજ થયેલ છે. તા. ૧૦–૦૮–૨૦૦૩થી તેઓ વકીલાતના વ્યવસાયમાં છે. તેઓ આણંદ, નડીયાદ, કપડવંજ, પેટલાદ, ખંભાતની કોર્ટમાં વકીલાતના વ્યવસાય સાથે સંકળાયેલ છે.

સમીરના પત્ની રચનાબેન તે  દિનેશભાઈ શંભુપ્રસાદ ત્રિવેદી તથા પ્રજ્ઞાબેન દિનેશભાઈ ત્રિવેદી રહે. હાલ ચૈન્નઈના પુત્રી છે.

સમીરનો પુત્ર દેવાંશ વી એન્ડ સી અંગ્રેજી મીડીયમ સ્કૂલમાં વલ્લભ વિદ્યાનગર જિ. આણંદમાં ધો.૭માં અભ્યાસ કરે છે.

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
## ૩૪માં રાષ્ટ્રીય અધિવેશન નડિયાદ - નાસ્તાનું સૌજન્ય



### શ્રી કલ્પનાબેન કિરીટકુમાર દવે

જન્મતારીખ : ૦૨-૧૦-૧૯૬૧
અભ્યાસ : બી.એસ.સી.
મુળવતન : મહૂધા
રહેવાસી : નડીયાદ

કલ્પનાબેનના શુભ લગ્ન આણંદ સ્થિત કિરીટકુમાર મંગુપ્રસાદ દવે સાથે ૧૯૮૪માં થયેલ. કલ્પનાબેન નાની ઉંમરથી સંયુક્ત કુટુંબની જવાબદારી શોભાવતા હતા. જે વર્ષોપર્યંત નિભાવી રહેલ છે. બાળકોના ઉછેર તેમજ ભણાવવા ગણાવવામાં તેમનો ખૂબ જ મોટો ફાળો છે. જ્ઞાતિ સમાજની સેવા માટે તેમણે તેમના પતિશ્રી કિરીટકુમાર દવેને આગળ કરેલા જેના કારણે કિરીટકુમાર દવે સમાજની સેવાઓ કરી શકે છે. કિરીટકુમાર દવે વર્ષોપર્યંત અંબિકા મીલમાં નોકરી કરતા હતા. ત્યારબાદ તેઓ બાંધકામ તથા ધીરધારનો ધંધો આણંદમાં રહી કરે છે.

પુત્રી - દેવાંશી કૌશલકુમાર દણાંક, (પૌત્રી - ઋત્વા) અમદાવાદ મુકામે વૈવાહિક જીવન વિતાવે છે.

પુત્રી - શિવાંગી જતીનકુમાર ઠાકર, (પૌત્ર - પ્રથમ) વિદ્યાનગર મુકામે વૈવાહિક જીવન વિતાવે છે.

પુત્ર - રૂચીર દવે હાલ બ્રાંન્ચ સેલ્સ મેનેજર તરીકે બંધન સ્મોલ ફાઈનાન્સ બેંક વિદ્યાનગર ખાતે ફરજ બજાવે છે. તેના શુભ લગ્ન રિદ્ધી સાથે ૨૦૧૭માં થયેલ છે. તેમની પુત્રી ધન્વી જુનિ. કે.જી. માં ભણે છે.

કલ્પનાબેનને ધાર્મિક તથા નવા નવા સ્થળોએ ફરવાનો - નાટક તથા સિનેમા જોવાનો અને નવી નવી રસોઈ બનાવવાનો શોખ છે.

કિરીટકુમાર દવે શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા, શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી., બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટી તથા બાજખેડાવાળ મંડળ આણંદમાં ૧૯૮૮ની સાલથી સેવાઓ આપી અનેક વિવિધ હોદ્દા ભોગવી હાલ શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા, બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટી તથા બાજખેડાવાળ મંડળ આણંદમાં પ્રમુખ તરીકે સેવાઓ આપે છે.

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
## ૩૪માં રાષ્ટ્રીય અધિવેશન નડિયાદ – નાસ્તાનું સૌજન્ય



### શ્રી હરસુતાબેન જયેન્દ્રકુમાર દણાક

જન્મતારીખ : ૨૪–૧૦–૧૯૫૩

વતન : આણંદ

અભ્યાસ : BA, MA, with Lib. Sc. *(લાયબ્રેરી સાયન્સ)*

હરસુતાબેનના લગ્ન ૧૯૭૭ની સાલમાં મુળ–મહુધાના વતની જયેન્દ્રકુમાર શીવપ્રસાદ દણાક સાથે અમદાવાદ મુકામે થયેલ. હરસુતાબેને N.D.D.B. આણંદ ખાતે અંબિકા મીલ અમદાવાદ ખાતે લાઈબ્રેરીયન તરીકે નોકરી કરેલ છે. હાલ તેઓ અમદાવાદ ખાતે નિવૃત્ત જીવન વિતાવે છે.

પુત્ર : ખંજન ફિનકેર સ્મોલ ફાઈનાન્સ બેંક – નડીયાદ ખાતે બ્રાન્ચ મેનેજર તરીકે તથા નડીયાદ – આણંદ બોરસદ – વિદ્યાનગર બ્રાન્ચના કલસ્ટર હેડ તરીકે ફરજ બજાવે છે. તેઓના લગ્ન જયનાબેન સાથે થયેલ છે. તેમને કિર્તન નામનો પુત્ર છે.

પુત્રી : નિરલ નિલેશકુમાર ડોળીયા, અમદાવાદ મુકામે રહે છે. તેમનો પુત્ર કાર્તિક મીકેનીકલ એન્જીનીયર થયેલ છે.

હરસુતાબેનને ભજન–કિર્તન તથા ધાર્મિક સ્થળોએ ફરવાનો શોખ છે.

જયેન્દ્રકુમાર નૂતન મીલમાં વર્ષોપર્યંત નોકરી કર્યા બાદ પોતાનો શેરબજારનો તથા સ્ટોક એક્ષચેન્જનું કામ કરતા હતા તેઓશ્રી પોસ્ટ એફ.ડી. તેમજ અન્ય કંપનીઓની ડિપોઝીટો સાથે સંકળાયેલા હતા હાલ નિવૃત્ત જીવન કુટુંબ સાથે અમદાવાદમાં વિતાવે છે.

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
## ૩૪માં રાષ્ટ્રીય અધિવેશન નડિયાદ – નાસ્તાનું સૌજન્ય



### શ્રી હર્ષાબેન મુકેશકુમાર દવે

જન્મતારીખ : ૦૬–૦૨–૧૯૬૬

અભ્યાસ : બી.કોમ.

મૂળ વતન : ખંભાત, હાલ – આણંદ

વ્યવસાય : પોસ્ટ ઓફીસ, આણંદ – કલાર્ક

હર્ષાબેન શુભલગ્ન પેટલાદ નિવાસી મુકેશકુમાર કાંતિલાલ દવે સાથે ૧૯૮૭ની સાલમાં થયેલ. તેઓના સંતાનમાં નિશાબેન તથા નેહાબેન બે પુત્રી રત્નો છે. તેઓ શ્રી હાલ આણંદમાં જીવન વિતાવે છે.

નિશાબેનના લગ્ન સચીન જીતેન્દ્રકુમાર દવે સાથે થયેલ છે. તેઓને દેવાંશી નામની પુત્રી છે.

નેહાબેનના લગ્ન ખંજનકુમાર સમીરભાઈ ભટ્ટ સાથે થયેલ છે. તેઓને હવિષા નામની પુત્રી છે.

મુકેશકુમાર કાંતિલાલ દવે શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા, શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી., બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટીમાં કારોબારી સભ્ય તરીકે વર્ષોથી સેવા આપે છે. બાજખેડાવાળ મંડળ આણંદમાં ખજાનચી તરીકે સેવાઓ આપે છે.

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
## ૩૪માં રાષ્ટ્રીય અધિવેશન નડિયાદ - ડાયસનું સૌજન્ય



**શ્રી વૈશાલી સમીર દવે**

*શ્રી વૈશાલીબેન સમીરભાઈ દવેનો જન્મ ૧૯૮૩માં ડેમોલ આણંદ ખાતે થયો હતો.*

*તેઓશ્રીના પિતા સ્વ. સતિષચંદ્ર મોહનલાલ દવે (જલારામ ડેરી, ડાકોર) અને માતા - ઉર્મિલાબેન સતિષચંદ્ર દવે છે. તેઓશ્રીએ પોતાની એમ.કોમ. સુધીનો અભ્યાસ ડાકોર ખાતેની ભવન્સ કોલેજમાં કરેલ છે. હાલ ડાકોર સ્થિત જલારામ ડેરીનું સંચાલન વૈશાલીબેનના ભાઈશ્રી મેહુલ સતિષચંદ્ર દવે કરે છે.*

*વૈશાલીબેનના લગ્ન સુભાષચંદ્ર અંબાલાલ દવે અને જયશ્રીબેન સુભાષચંદ્ર દવે, ગંગાપોળ, ઉમરેઠના સુપુત્ર સમીર સુભાષચંદ્ર દવે સાથે વર્ષ ૨૦૦૫માં થયા. હાલ તેઓ અમદાવાદ મુકામે વસવાટ કરે છે. સમીર સુભાષચંદ્ર દવે બી.કોમ., એલ.એલ.એમ.-અમદાવાદ અભ્યાસ કરેલ છે અને હાલ વ્યવસાયે એડવોકેટ છે. તેઓશ્રી જ્ઞાતિના સેવાકાર્ય માટે સદાય તૈયાર હોય છે. સમીરભાઈ જ્ઞાતિની અનેક સંસ્થાઓમાં તેમની સેવાઓ પૂરી પાડે છે.*

*વૈશાલીબેનને સંતાનરત્નમાં ૨ દિકરીઓ છે (૧) માર્મિકા સમીર દવે જેનો જન્મ ૨૦૦૭માં થયેલ છે. તે હાલ ધોરણ-૧૦માં અભ્યાસ કરે છે. (૨) સ્વસ્તિકા સમીર દવે જેનો જન્મ ૨૦૧૨માં થયેલ છે તે હાલ ધોરણ-૫માં અભ્યાસ કરે છે.*

*તેઓના પરિવારે ૩૪માં રાષ્ટ્રીય અધિવેશનને ખૂબ ખૂબ શુભકામનાઓ પાઠવી છે.*

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
## ૩૪માં રાષ્ટ્રીય અધિવેશન નડિયાદ – માઈકનું સૌજન્ય



### શ્રી દેવાંશી કૌશલકુમાર દણાંક

જન્મતારીખ : ૦૯–૦૭–૧૯૮૫
માતા : કલ્પનાબેન કિરીટકુમાર દવે
પિતા : કિરીટકુમાર મંગુપ્રસાદ દવે
અભ્યાસ : બી.એસ.સી., એમ.એસ.સી. (હોમ સાયન્સ)

દેવાંશીબેનના શુભ લગ્ન અમદાવાદ નિવાસી શ્રી કૌશલકુમાર યોગેશકુમાર દણાંક સાથે ૨૦૦૬માં યોજાયેલ. કૌશલકુમાર ઈન્ગરસોલ્ડ રેન્ડ કંપનીમાં અમદાવાદ મુકામે નોકરી કરે છે. તેઓની પુત્રીનું નામ રૂત્વા દણાંક છે. દિકરી રૂત્વા ધોરણ ૬માં અભ્યાસ કરે છે. દેવાંશીબેન સફળ ગૃહિણી તરીકે અમદાવાદ મુકામે તેમના પરિવાર સાથે રહે છે.

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
## ૩૪માં રાષ્ટ્રીય અધિવેશન નડિયાદ – ફોટોગ્રાફીનું સૌજન્ય



### શ્રી શીવાંગી જતીનકુમાર ઠાકર

જન્મતારીખ : ૧૫–૧૦–૧૯૮૬
માતા : કલ્પનાબેન કિરીટકુમાર દવે
પિતા : કિરીટકુમાર મંગુપ્રસાદ દવે
અભ્યાસ : બી.એસ.સી. (હોમ સાયન્સ)

શીવાંગીબેનના શુભ લગ્ન મૂળ સોજીત્રા હાલ વિદ્યાનગર નિવાસી શ્રી જતીનકુમાર શાંતિલાલ ઠાકર સાથે ૨૦૦૮માં યોજાયેલ. જતીનકુમાર નડિયાદ સ્થિત નોલેજ હાઈસ્કૂલ ખાતે હાયર સેકન્ડરી વિભાગમાં ફિઝિક્સના શિક્ષક તરીકે સેવાઓ આપે છે. વિદ્યાનગર સ્થિત કુટુંબીજનો સાથે જીવન ગુજારે છે. તેઓના પુત્રનું નામ પ્રથમ ઠાકર છે. દિકરો પ્રથમ ધોરણ ૪માં અભ્યાસ કરે છે. શીવાંગીબેન સફળ ગૃહિણી તરીકે વિદ્યાગનગર મુકામે તેમના પરિવાર સાથે રહે છે.

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
# ૩૪માં રાષ્ટ્રીય અધિવેશન નડિયાદ – મોમેન્ટોનું સૌજન્ય



## શ્રી દિગ્ના પ્રણવ જોષી

મૂળ ઉમરેઠના વતની સ્વ. શ્રી રમેશચંદ્ર મોતીલાલ દવે અને સ્વ. શ્રી ધારીણીબેનના પ્રથમ સંતાન દિગ્નાનો જન્મ સને ૧૯૮૩માં થયેલ. માતા–પિતા પાસેથી સંસ્કારોનું સિંચનની સાથે સાથે મામા–મામી શ્રી કિરીટકુમાર મંગુપ્રસાદ દવે (પ્રમુખ – શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા – અમદાવાદ, પ્રમુખ – શ્રી બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટી લી.) કલ્પનાબેન પાસેથી સામાજિક શીખ પ્રાપ્ત કરી અને બેચલર ઓફ સાયન્સ વીથ કેમેસ્ટ્રીનો અભ્યાસ ગોધરા મુકામે પુરો કરેલ.

ત્યારબાદ નડીયાદના વતની શ્રી હેમાબેન અને શશીકાન્ત નંદલાલ જોષીના પુત્ર પ્રણવ જોષી (એડવોકેટ એન્ડ નોટરી) સાથે લગ્નજીવન પ્રારંભ કરેલ. નવીનતમ વિચારોની સાથે સાસુ હેમાબેને વહુને દિકરી તરીકે સ્વીકારી અને લગ્ન બાદ અભ્યાસ ચાલુ કરવા પ્રેરણા આપેલ. આ માટે ગૃહસ્થી જીવનની સાથે ભણતર આગળ વધારવા માટે સાસુ–સસરા એ સતત સાનુકૂળ વાતાવરણ ઉભુ કરી આપેલ. જેના કારણે તેઓએ એલ.એલ.બીની ડીગ્રી પ્રાપ્ત કરેલ. ત્યારબાદ બાળકો ઝીલ (હાલ ધો. ૧૨ સાયન્સ અભ્યાસ) તથા ધ્યાન (હાલ ધો. ૬ અભ્યાસ)માં કરેલ. પતિના ખભે થી ખભો મેળવી અને ભારત સરકાર દ્વારા નોટરી પબ્લીક તરીકે નિમણૂંક મેળવેલ. આ સાથે સાથે શ્રી સંતરામ મંદિરના પ.પૂ. મહંત શ્રી રામદાસજી મહારાજ દ્વારા તેઓને વાસ્તુવિશારદની માનદ પદવી આપવામાં આવેલ. તેમજ સામાજિક સેવામાં સને ૨૦૧૮થી વોટસએપ્સના માધ્યમથી બાજ મેટ્રોમોનીયલ ગ્રુપ નિ:શુલ્ક ચલાવી રહેલ છે. તેમજ સામાજીક સેવામાં અગ્રેસર રહેવાનો અને નવીન જગ્યાએ ફરવાનો તેઓને શોખ છે.

જય મહારાજ

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
## ૩૪માં રાષ્ટ્રીય અધિવેશન નડિયાદ – ખુરશીનું સૌજન્ય



### શ્રી પ્રિતીબેન સુધીરકુમાર મહેતા

જન્મતારીખ : ૨૫–૦૪–૧૯૭૨

અભ્યાસ : એમ.કોમ.

મૂળવતન : ઉમરેઠ

હાલ : ગાંધીનગર

પ્રિતીબેનના શુભ લગ્ન નડીયાદ નિવાસી સુધીરકુમાર સુરેશચંદ્ર મહેતા સાથે ૧૯૯૬માં થયેલ. સુધીરકુમાર મહેતા એલ.આઈ.સી.માં અનેકવિદ પદો પર નોકરી કરી હાલ રાજકોટ ખાતે આસી. ડીવીઝનલ મેનેજર તરીકે ફરજ બજાવી રહ્યા છે. તેઓના સુપુત્ર ચિ. હર્ષિલ એમ.બી.બી.એસ. પાસ થયેલ છે. હાલ એમ.ડી.નો અભ્યાસ કરી રહ્યા છે.

પ્રિતીબેનને ભજનો ગાવાનો, ભજનો લખવાનો, ઘર શુશોભીત કરવાનો શોખ છે. હાલ તેઓ રાજકોટમાં કુટુંબ સાથે રહે છે.

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
## ૩૪માં રાષ્ટ્રીય અધિવેશન નડિયાદ – અધિવેશન પાસનું સૌજન્ય



### શ્રી રિદ્ધિ રૂચિર દવે

જન્મતારીખ : ૦૩–૧૧–૧૯૯૪

જન્મ સ્થળ : મહેમદાવાદ

અભ્યાસ : બી.બી.એ., એમ.બી.એ. (એચ.આર.)

માતા : પ્રતિમાબેન મહેશભાઈ મહેતા

પિતા : મહેશભાઈ અંબાલાલ મહેતા

સાસુ : કલ્પનાબેન કિરીટકુમાર દવે

સસરા : કિરીટકુમાર મંગુપ્રસાદ દવે

રિદ્ધિબેનના શુભ લગ્ન આણંદ નિવાસી રૂચિર કિરીટકુમાર દવે સાથે ૨૦૧૭માં થયેલ. રૂચિર કિરીટકુમાર દવે બંધન બેન્ક, વિદ્યાનગર ખાતે મેનેજર તરીકે નોકરી કરે છે. રિદ્ધિબેનને ધનવી નામની દિકરી છે જે કે.જી.માં અભ્યાસ કરે છે અને તેઓશ્રી આવતા માર્ચમાં બીજા બાળકના માતા બનવા જઈ રહ્યા છે.

રિદ્ધિબેન વધુ અભ્યાસ હોવા છતાં સુંદર રીતે કુટુંબ સાથે ગૃહસ્થ જીવન વિતાવે છે.

રિદ્ધિ ખૂબ સુંદર જમવાનું બનાવવાનો, ફરવા જવાનો શોખ ધરાવે છે.

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
## ૩૪માં રાષ્ટ્રીય અધિવેશન નડિયાદના – બપોરની ચાનું સૌજન્ય



### શ્રી રૂચીર કિરીટકુમાર દવે

જન્મતારીખ : ૨૬–૦૭–૧૯૯૩
જન્મ સ્થળ : આણંદ
અભ્યાસ : બી.બી.એ., એમ.બી.એ.
વ્યવસાય : એચ.ડી.એફ.સી. બેન્કમાં આસીસ્ટન્ટ બ્રાન્ચ મેનેજર
માતા : કલ્પનાબેન કિરીટકુમાર દવે
પિતા : કિરીટકુમાર મંગુપ્રાસદ દવે
પત્ની : રિદ્ધિબેન રૂચિર દવે
બાળકો : ધનવી અને મિષ્કા

રૂચીરકુમારને ફરવાનો, નવું નવું જાણવાનો, શોખ છે. સામાજિક પ્રવૃત્તિમાં રૂચિ ઓછી ધરાવે છે અને પિતાની દરેક પ્રવૃત્તિમાં મદદરૂપ થવાનો પ્રયત્ન કરે છે.

### અધિવેશન અંગેની અગત્યની સૂચના

જય ભારત સાથે જણાવવાનું કે આગામી ૩૪મું રાષ્ટ્રીય અધિવેશન ઈપ્કોવાળા હોલ, નડિયાદ ખાતે તા. ૩૧–૧૨–૨૩ના રોજ યોજાનાર છે. સંસ્થા પાસે હાલ હવે અધિવેશનના પાસ છે નહીં. પરંતુ નડિયાદ, વડોદરા, મહેમદાવાદ અને અમદાવાદ સંસ્થાની ઓફિસોએ અથવા પ્રમુખ પાસે થોડાક જ પાસ છે આપશ્રી વહેલા તે પહેલાના ધોરણે આ પાસ મેળવી લેશો. નડિયાદ મુકામે યોજાનાર અધિવેશનની સંખ્યાની મર્યાદા હોઈ વધારાના પાસ ઈસ્યુ થઈ શકે તેમ નથી જેની નોંધ લેશો. જ્યાં સુધી પાસ છે ત્યાં સુધી મેળવી લેવા વિનંતી.

**કિરીટકુમાર એમ. દવે** — **પ્રમુખશ્રી**
**સમીરભાઈ એસ. દવે** — **મંત્રીશ્રી**
**મૌલેશભાઈ આર. મહેતા** — **અધ્યક્ષશ્રી**

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
# ૩૪માં રાષ્ટ્રીય અધિવેશન નડિયાદના - ફોટોકૃતિનું સૌજન્ય



## શ્રી અતુલકુમાર નટવરલાલ ડોળિયા

*શ્રી અતુલ નટવરલાલ ડોળીયા વતને નરસંડા જન્મ તા. ૧૨-૭-૧૯૬૬ જન્મ સ્થળ ડાકોર મુકામે માતા નિરંજનાબેનની કુખે અને પિતાના નટવરલાલ ડોળિયાના ઘરે થયો હતો.*

*ત્રણ ભાઈઓમાં અતુલભાઈ બીજા નંબરના સંતાન હતા. અભ્યાસ તેમણે પ્રાથમિક તથા માધ્યમિક અને ટેકનીકલ શિક્ષણ પૂર્ણ કરી તા. ૧-૨-૧૯૮૯માં રેફ્રિજરેશન મિકેનીક તરીકે જી.એસ.પી.સી. કોસંબામાં અને હાલ વડોદરા સી.ઈ.પી. લોજેસ્ટીકમાં ફરજ બજાવે છે. તેમના પરિવારમાં પત્ની અ.સૌ. પલ્લવીબેન બે દિકરીઓ અ.સૌ. અર્પિતાબેન સુજિષકુમાર તથા અ.સૌ. ધ્વનિબેન જૈમિકકુમાર જોષી તથા જૈવિત્ય, રિવાક્ષના નાના થયેલ છે.*

*ભરૂચ શહેરને પોતાની કર્મભૂમિ બનાવી શ્રી ભરૂચ બાજખેડાવાળ હિતવર્ધક સમિતિમાં કારોબારીમાં જોડાયા અને જ્ઞાતિના હિત ઉપયોગી કાર્યોની શરૂઆત કરી અને ધીરે ધીરે ભરૂચ હિતવર્ધક સમિતિમાં ઉપપ્રમુખ પદ પર પણ કાર્ય કર્યું.*

*ત્યારબાદ શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા, શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી. અમદાવાદમાં સભ્ય બની કારોબારીમાં પણ સમાજ કાર્ય કરવા તેમજ રાષ્ટ્રીય અધિવેશનમાં પણ સમાજના કાર્યમાં ખભેથી ખભો મીલાવી તેમજ વખતો વખત થતી મેરેજ કોન્ફરન્સમાં પણ એક સનિષ્ઠ કાર્યકર તરીકે ફરજ બજાવી પોતાનું સમાજ માટેનું પ્રામાણિક પણે કર્તવ્ય નિભાવ્યું છે અને હજુ પણ સમાજના કાર્યને પોતાની ફરજ સમજી નિભાવવા સદા તૈયાર છે.*

*જય જય પરશુરામ*

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
## ૩૪માં રાષ્ટ્રીય અધિવેશન નડિયાદના - સ્વાગત સૌજન્ય



### શ્રી તરલ (રાકેશ) મહેન્દ્રપ્રસાદ ભટ્ટ

શ્રી તરલ (રાકેશ) મહેન્દ્રપ્રસાદ ભટ્ટ ખૂબ જ સેવાભાવી કાર્યકર છે.

હાલ તેઓ ટાટા મોટર્સ કંપનીમાં ઉચ્ચ હોદ્દા ઉપર ફરજ બજાવી રહ્યા છે.

પરિવારમાં પત્ની પ્રિતી ભટ્ટ તેઓના સેવા કાર્યમાં સદાય સહભાગી હોય છે. તેઓની એક દિકરી શ્વેતા સૂરજકુમાર મહેતા હાલ અમદાવાદ મુકામે પોતાના સસુરગૃહે રહે છે અને એમ.એન.સી.કંપનીમાં ઉચ્ચ હોદ્દા પર સુરજકુમાર અને શ્વેતા ફરજ બજાવે છે.

તરલભાઈ ભટ્ટ વર્ષોથી જ્ઞાતિસમાજના વિવિધ મંડળોમાં સેવાઓ બજાવે છે.

શ્રી બાજખેડાવાળ બ્રાહ્મણ સમાજમાં પ્રમુખ તરીકેની સેવાઓ આપે છે.

શ્રી બાજખેડાવાળ કેળવણી અને સંસ્કૃતિ મંડળમાં ઉપપ્રમુખ તરીકેની સેવાઓ આપે છે.

શ્રી પ્રગતિ યુવક મંડળ દ્વારા આયોજિત જ્ઞાતિ સમાજના બાળકોને સમુહ યજ્ઞોપવિતના કાર્યનું સંપૂર્ણ સંચાલન ઘણા વર્ષોથી કરે છે અને હાલ મંત્રી તરીકેની સેવાઓ આપે છે.

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભામાં કારોબારી સભ્ય તેમજ શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી.માં કારોબારી સભ્ય તરીકે સેવાઓ આપે છે.

જ્ઞાતિના અન્ય મંડળોના સેવા કાર્યોમાં પણ તેઓ સદાય તત્પર રહે છે.

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ ૩૪માં રાષ્ટ્રીય અધિવેશન નડિયાદના - બેનરનું સૌજન્ય



## શ્રી શૈલેષકુમાર રમણલાલ દવે
## બી.કોમ., એલ.એલ.બી. એડવોકેટ

*આપને જન્મ તારીખ ૦૫-૦૮-૧૯૫૫ના રો પુણ્યસલીલામાં રેવાને કાંઠે ભરૂચમાં ધર્મપરાયણ દંપતિ સુમનબેન તથા રમણલાલને ત્યાં થયો બી.કોમ., એલ.એલ.બી. સુધીનું શિક્ષણ ભરૂચમાં જ પ્રાપ્ત કરી ભરૂચને કર્મસ્થાન બનાવ્યું.*

*જિલ્લા પંચાયત ભરૂચમાંથી સન -૨૦૧૩માં વયમર્યાદા હેઠળ નિવૃત્ત થયા ફરજ દરમ્યાન કર્મચારી યુનિયનમાં સેક્રેટરી-પ્રમુખપદ તથા કર્મચારી સોસાયટીમાં પ્રમુખપદ પર રહી માર્ગદર્શક તરીકે ચાહના મેળવી.*

*બાજખેડાવાળ સમાજ ભરૂચના ૩૦ વર્ષોથી કારોબારી સભ્ય તરીકે સક્રિય રહી સેક્રેટરી તેમજ પ્રેસીડન્ટ પદે રહી જ્ઞાતિના વિકાસના કાર્યો કર્યા. શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા તેમજ શ્રી બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટીના કારોબારી સભ્ય તરીકે કાર્યરત છે.*

*ભરૂચ બાજખેડાવાળ સમાજમાં ટ્રસ્ટી, ધી ભરૂચ જિલ્લા શ્રી પરશુરામ ક્રેડીટ સોસાયટીમાં પ્રેસીડન્ટ, શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ ભરૂચ જિલ્લામાં સેક્રેટરી અને ટ્રેઝરર તરીકે સેવાઓ આપી બ્રહ્મસમાજ ભરૂચ શહેરમાં સેક્રેટરી તરીકે સેવાઓ આપી એડવાઈઝર તરીકે કાર્યરત છે. બ્રહ્મ સોશિયલ ગ્રૃપ ભરૂચમાં સંગઠનમંત્રી, કિસાન સંઘ ગુજરાતના ઉપપ્રમુખ, પેન્શન મંડળ ભરૂચના કારોબારી સભ્ય છે.*

*આર.સી.સી. ભરૂચમાં ટ્રેઝરર, જોઈન્ટ સેક્રેટરી, સેક્રેટરી તરીકે સેવાઓ આપી પ્રેસીડન્ટ તરીકે નિયુક્ત થયા છે. જાયન્ટ ઓફ ભરૂચના સભ્ય તરીકે કાર્યરત છે.*

*આપે વિવિધ સંસ્થાઓમાં ઉચ્ચપદ ઉપર રહીને સમાજ ઉપયોગી, કલ્યાણકારી કાર્યો દ્વારા લોકચાહના મેળવી સમાજ ઉપયોગી આપની ગૌરવશાળી સેવાભાવનાએ આપના વ્યક્તિત્વનું જમા પાસુ છે.*

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
## ૩૪માં રાષ્ટ્રીય અધિવેશન નડિયાદના – મીનરલ વોટરનું સૌજન્ય



**શ્રી રાજેન્દ્રભાઈ મુળજીભાઈ દવે**

જન્મતારીખ : ૨૪–૦૬–૧૯૬૧

મૂળવતન : વસો

અભ્યાસ : એસ.એસ.સી. પાસ

રાજેન્દ્રભાઈ મૂળજીભાઈ દવેનો જન્મ વસો મુકામે થયેલ. વર્ષોપર્યંતથી વસો મુકામે રહે છે.

રાજેન્દ્રભાઈ દવેના લગ્ન ૧૯૮૭માં અમદાવાદ સાબરમતી મુકામે સ્મિતાબેન સાથે થયેલ અને રાજેન્દ્રભાઈ દવે ધી. કો. ઓ. બેન્ક ઓફ રાજકોટ વસો મુકામેથી ૨૦૧૯માં નોકરીમાંથી નિવૃત્ત થયેલ છે અને તેમના ધર્મપત્ની તા. ૧૦–૧–૨૦૧૬માં વૈકુંઠધામ પામ્યા હતા અને તેમને સંતાનમાં પુત્રી મિતાલીબેન કંદર્પકુમાર ઠાકરના (પૌત્ર આરવ ઠાકર) સોજીત્રા મુકામે લગ્ન થયેલ છે. હાલ અમદાવાદ સ્થાયી થયેલ છે. પુત્ર પ્રતિકકુમાર રાજેન્દ્રભાઈ દવે વસો બી.એસ.સી.નો અભ્યાસ કરેલ છે. (અનમેરીડ) હાલમાં અમદાવાદ નોકરી કરે છે.

રાજેન્દ્રભાઈ દવે શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના કારોબારી સભ્ય છે અને વસો બાજખેડાવાળ મંડળમાં મંત્રી તરીકેની સેવા આપે છે અને બ્રહ્મસમાજ ગાયત્રી મંડળ, નડીયાદમાં કારોબારી સભ્ય છે અને વસો ગામમાં અન્ય સેવાઓ આપે છે.

# વડોદરા બાજખેડાવાળ સમાજ

એ–૨૦૪, મનુભાઈ ટાવર, સયાજીગંજ, વડોદરા–૩૯૦૦૦૧ (મો.) ૯૬૮૭૬૬૮૬૫૩

વડોદરા બાજખેડાવાળ સમાજ તરફથી "શ્રાવણી–૨૦૨૩"ના કાર્યક્રમનું "શ્રી મહારુદ્ર હનુમાન સંસ્થાન" મહાદેવ તળાવ, વાડી ખાતે તા. ૨૯–૦૮–૨૦૨૩ મંગળવારના રોજ (શ્રવણ નક્ષત્ર મુજબ) આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી નિલયભાઈ દવે તથા શ્રી કિશોરભાઈ દવેના ગુરુપદે જનોઈ બદલવાની વિધિમાં સમાજના ૪૦ ભૂદેવોએ ઉત્સાહભેર ભાગ લીધો. ત્યારબાદ સમાજના લગભગ ૧૫૦ વ્યક્તિઓએ "બ્રહ્મભોજન"નો લાભ લીધો. સમગ્ર કાર્યક્રમ "નિ:શુલ્ક" રાખવામાં આવ્યો હતો. શ્રી મહારૂદ્ર હનુમાન સંસ્થાન તરફથી સુંદર વ્યવસ્થા પુરી પાડવામાં આવી હતી. જેનો સમાજની કારોબારી સમિતિ હૃદયપૂર્વક આભાર માને છે. સમગ્ર આયોજનની સફળતાના સહભાગી દાતાશ્રીઓની યાદી નીચે મુજબ છે.

શ્રી રઘુવીર જયશંકર દવે તરફથી તેઓના સ્વર્ગસ્થ માતા–પિતાના સ્મરણાર્થે મળેલ શ્રાવણી ફંડમાંથી રૂ. ૧૩૦૦૦/– ચોથા હપ્તારૂપે ઉપયોગમાં લેવામાં આવેલ છે ઉપરાંત અન્ય દાતાશ્રીઓની યાદી નીચે મુજબ છે.

(૧) સ્વ. ભારતીબેન બિપીનભાઈ જોશીના સ્મરણાર્થે શ્રી બિપીનભાઈ તથા જોશી પરિવાર તરફથી રૂ. ૫૦૦૧/– (૨) શ્રી હરીશભાઈ નટવરલાલ પંડ્યા તરફથી રૂ. ૩૦૦૦/– (3) સ્વ. જનકરાય ચીનુભાઈ દવેના સ્મરણાર્થે ગં.સ્વ. નયનબાલા દવે તરફથી રૂ. ૨૫૦૧/– (૪) સ્વ. હરેશભાઈ દવેના સ્મરણાર્થે પારૂલબેન એચ. દવે તરફથી રૂ. ૨૫૦૦/– (૫) સ્વ. સવિતાબેન બાપાલાલ પંડ્યાના સ્મરણાર્થે સંગીતાબેન પી. પંડ્યા તરફથી રૂ. ૧૫૦૧/– (૬) સ્વ. કનુભાઈ ચીમનભાઈ ભટ્ટના સ્મરણાર્થે ભારતીબેન કે. ભટ્ટ તરફથી રૂ. ૨૦૦૦/– (૭) સ્વ. મહેન્દ્રપ્રસાદ કે. ભટ્ટના સ્મરણાર્થે જીજ્ઞેશ એમ. ભટ્ટ તરફથી રૂ. ૧૫૦૧/– (૮) સ્વ. કૃષ્ણપ્રસાદ ચીનુભાઈ દવે (મહુધાવાળા)ના સ્મરણાર્થે કશ્યપભાઈ કે. દવે તરફથી રૂ. ૧૦૦૧/– (૯) સ્વ. મીનાક્ષીબેન કૃષ્ણપ્રસાદ દવેના સ્મરણાર્થે દિપાલીબેન કશ્યપભાઈ દવે તરફથી રૂ. ૧૦૦૧/– (૧૦) શ્રી ભરતભાઈ શાંતિલાલ શેલત તરફથી રૂ. ૧૦૦૦/– (૧૧) શ્રી વિરેન્દ્રભાઈ શેલત તરફથી રૂ. ૧૦૦૧/– (૧૨) સ્વ. સુરેન્દ્રભાઈ ચુનીલાલ જોષીના સ્મરણાર્થે શ્રી અંકિતભાઈ જોષી તરફથી રૂ. ૧૦૦૧/– (૧૩) શ્રી બિપીનભાઈ ચુનીલાલ જોષી તરફથી રૂ. ૧૦૦૧/– (૧૪) સ્વ. યોગીનીબેન બિપીનચંદ્ર જોષીના સ્મરણાર્થે શ્રી વિપુલભાઈ જોષી તરફથી રૂ. ૧૦૦૧/– (૧૫) સ્વ. સુરેન્દ્રભાઈ ચુનીલાલ જોશીના સ્મરણાર્થે દક્ષાબેન સુરેન્દ્રભાઈ જોશી તરફથી રૂ. ૧૦૦૧/– (૧૬) સ્વ. મહિન્દ્રાબેન પાઠકના સ્મરણાર્થે ડૉ. મૃદંગ સ્નેહલકુમાર પાઠક તરફથી રૂ. ૧૧૧૧/– (૧૭) શ્રી સોહાગભાઈ હરિલાલ ખંભોળજા, ડાકોર તરફથી રૂ. ૧૦૧૧/– (૧૮) સ્વ. કુસુમબેન જયંતિલાલ ભટ્ટના સ્મરણાર્થે શ્રી ઋષિકેશ જંયતિલાલ ભટ્ટ તરફથી રૂ. ૧૧૧૧/– (૧૯) શ્રી કમલેશભાઈ મનહરલાલ દણાક તરફથી રૂ. ૧૦૦૧/– (૨૦) શ્રી સુધીરભાઈ ભટ્ટ તરફથી રૂ. ૧૦૦૧/– (૨૧) શ્રી પંકજભાઈ દણાક તરફથી રૂ. ૧૦૦૧/– (૨૨) શ્રી શિલ્પનભાઈ શંકરલાલ દવે તરફથી રૂ. ૧૦૦૧/– (૨૩) શ્રી કૌશિકભાઈ ભટ્ટ તરફથી રૂ. ૧૦૦૧/– (૨૪) શ્રીમતિ રેણુકાબેન નટવરલાલ પંડ્યા તરફથી રૂ. ૫૦૦/– (૨૫) શ્રી કાર્તિકભાઈ એન. દવે તરફથી રૂ. ૫૦૧/–

(૨૬) હિતેશભાઈ આર. દેસાઈ તરફથી રૂ. ૫૦૧/– (૨૭) ભાસ્કરભાઈ રામચંદ્ર શેલત તરફથી રૂ. ૫૦૦/– (૨૮) કૌશિકભાઈ શુકલ તરફથી રૂ. ૫૦૦/– (૨૯) કિશોરભાઈ દવે તરફથી રૂ. ૫૦૦/– (૩૦) વિષ્ણુપ્રસાદ ઘનશ્યામપ્રસાદ ભટ્ટ તરફથી રૂ. ૫૦૦/– (૩૧) ભાસ્કરભાઈ ચીનુભાઈ ભટ્ટ તરફથી રૂ. ૫૦૦/– (૩૨) અન્ય જ્ઞાતિજનો તરફથી રૂ. ૮૦૩/–"" "" ""

સ્વ. નરેન્દ્રભાઈ ભાનુપ્રસાદ શેલતના સ્મરણાર્થે ગં.સ્વ. રાગીનીબેન નરેન્દ્રભાઈ શેલત તરફથી સમાજને મકાન ફંડ ખાતે રૂ. ૨૫૦૦૦/–નું દાન મળેલ છે.

વડોદરા બાજખેડાવાળ સમાજની કારોબારી સમિતી ઉપરોક્ત સર્વ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છ.

**ભૂપેન્દ્રભાઈ જે. શેલત**
**મંત્રી**

**બંદિશભાઈ એ. દવે**
**પ્રમુખ**

**સમસ્ત કારોબારી સમિતિ**

## શ્રી ગુજરાતી બાજખેડાવાળ જ્ઞાતિ સમાજ

"ૐ નિકેતન", નં. ૩૨૬, (નવો નં. ૩૮૦), મિન્ટ સ્ટ્રીટ, ચૈન્નઈ–૬૦૦૦૦૩

સમાજના ભવનમાં તા. ૩૦–૦૮–૨૦૨૩ના રોજ આપણો પવિત્ર તહેવાર બળેવ પ્રસંગે શ્રી નિરંજન દ્વિવેદીના આચાર્યપદે કારોબારી સમિતિના ઉપરાંત જ્ઞાતિના અન્ય ભાઈઓએ જનોઈ બદલવાની વિધીમાં ભાગ લીધો હતો. બળેવ પર્વ નિમીતે પ્રતિવર્ષ મુજબ આ વર્ષે રવિવાર તા. ૩–૯–૨૩ના રોજ સમાજના સમસ્ત જ્ઞાતિજનો માટે પ્રિતી–ભોજનનું આયોજન કરવામાં આવેલ જેમાં જ્ઞાતિના વડીલભાઈ બહેનો, યુવા વર્ગ સર્વે સહકુટુંબ ખૂબ જ સારી એવી સંખ્યામાં ઉપસ્થિત રહી પુનમ કેટરર્સ દ્વારા આયોજીત સ્વાદિષ્ટ ભોજનનો આનંદ લઈ પરસ્પર અભિવાદન કરી છૂટા પડ્યા હતા. આ પ્રિતી–ભોજનની સફળતામાં સમાજના સહયોગી સંસ્થાઓ ખાસ કરીને સહેલી–મિલન, આકૃતિ–મિલનની બહેનો તથા કે.વાય.એન.ના સભ્ય ભાઈઓ સુંદર ભાગ ભજવ્યો હતો.

શ્રાવણ માસ પુર્ણાહુતિ તા. ૧૫–૦૯–૨૩ના રોજ સાંજે મહાપૂજા હવન બાદ ભંડારોનું આયોજનમાં સમસ્ત જ્ઞાતિજનોને મહાપ્રસાદી લેવા આમંત્રણ પાઠવેલ છે.

સમાજની ૧૧મી ધજા જે ભાદરવા સુદ પુર્ણિમા પ્રસંગે અંબાજી મંદિરના શિખરે શ્રીમતી વિમળાબેન ઈન્દ્રવદન પાઠક પરીવાર હસ્તે શ્રી હિરેન પાઠક અને શ્રીમતી વંદનાબેન પાઠક પરીવારના વરદ્ હસ્તે ફરકાવવામાં આવશે. તે વિશેષ ધજાની "ધજા–દર્શન"નો રવિવારના તા. ૧૭–૯–૨૩ના રોજ સાંજે ૪.૦૦ થી ૭.૦૦ શ્રી વૈષ્ણવ સ્કુલના હોલમાં ભવ્ય અને દિવ્યતાથી આયોજીત કરેલ છે અને ત્યારબાદ સમસ્ત જ્ઞાતિજનો માટે સમાજના ભવનમાં મહાપ્રસાદીની વ્યવસ્થા કરવામાં આવેલ છે. તા. ૨૨–૯–૨૩ના રોજ ચેન્નઈથી અંબાજી માટે માઈભક્તો રવાના થશે.

**બીજલ બી. ડોળીયા**
**પ્રમુખ**

**મનોજ વી. શુકલા / અમિત આઈ. પાઠક**
**મંત્રીઓ**

## ધી અમદાવાદ બાજખેડાવાળ એજ્યુકેશન એન્ડ કલ્ચરલ સોસાયટી

શ્રી પ્રાણશંકરભાઈ હોલ, પ્રાણકુંજ સોસાયટી, ભૈરવનાથ રોડ, અમદાવાદ. ફોન - ૨૫૪૩૨૦૪૦

**થઈ ગયેલ કાર્યક્રમ - શ્રાવણી**

સંસ્થા દ્વારા તા. ૨૯-૮-૨૩ના રોજ દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રાવણી નક્ષત્રમાં જનોઈ બદલવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. દર વર્ષની જેમ આ વર્ષે પણ ખૂબ જ સારી એવી સંખ્યામાં જ્ઞાતિજનોએ ભાગ લીધો હતો.

**આગામી કાર્યક્રમ -**

**કોલેજના વિદ્યાર્થીઓ માટે ફી સહાય યોજના**

સંસ્થા દ્વારા દર વર્ષ આજીવન સભ્યના ડીપ્લોમાં/ડીગ્રી કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓને ફી સહાય આપવામાં આવે છે. આ માટેના ફોર્મનું વિતરણ શ્રી પ્રાણશંકરભાઈ હોલ ખાતેથી કરવામાં આવનાર છે. સંપૂર્ણ વિગત અને જરૂરી પૂરાવા સાથે ફોર્મ પરત કરવાની તા. ૩૦-૧૧-૨૩ રહેશે ઓફિસ સમય ૧૦ થી ૬ દરમ્યાન ભરેલા ફોર્મ આપવાના રહેશે.

**ગરબા મહોત્સવ**

આગામી આસો મહિનો એટલે મા જગદંબાની આરાધના અને પૂજનનો મહિનો આ અવસરે તા. ૧૮-૧૦-૨૩ને આસો સુદ-૪ને બુધવારના રોજ સાંજે ૭ કલાકે શ્રી બળવંતરાય હોલ કાંકરીયા ખાતે ગરબાનું આયોજન કરેલ છે. સૌ જ્ઞાતિજનોને વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહેવા આમંત્રણ છે. કાર્યક્રમ બાદ અલ્પાહારની વ્યવસ્થા સંસ્થા દ્વારા રાખવામાં આવેલ છે.

**૩૪મું રાષ્ટ્રીય અધિવેશન**

